## NATIONAL ROBOCON 2020 $27^{th}$ OCT 2020

GTU ROBOTICS CLUB had formed Team of 33 students from 32 GTU affiliated colleges who had represented GTU in DD National ROBOCON 2020 on $27^{th}$ OCT 2020. GTU ROBOCON Team had submitted proposal (Design of Robots) for national robocon and they were accepted by national robocon committee member and cleared stage 1 and stage 2.

In Online National Robocon 2020 GTU team had completed all task in 1 min 57 sec. (117 sec) Secure $2^{nd}$ ($1^{st}$ Runner Up) in National ROBOCON 2020 and won following awards.

**This is Proud Moment for GTU, GTU ROBOCON Team is now become Team INDIA and team will represent INDIA at International Robocon 2020 on $12^{th}$ Dec 2020 in Tokyo.**






GILBERT
GILBERT
GILBERT

# એશિયન પેસેફિક બ્રોડકાસ્ટ યુનિયન આયોજીત રોબોકોન સ્પર્ધામાં જીટીયુની રોબોકોન ટીમ સમગ્ર દેશમાં દ્વિતિય સ્થાને.




અમદાવાદ । બુધવાર , ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) ટેક્નિકલ શિક્ષણમાં સમગ્ર દેશમાં અગ્રગણ્ય હરોળમાં સ્થાન મેળવેલ છે. દરેક પ્રકારના ટેક્નિકલ શિક્ષણ અને તેની લગતી વિવિધ સ્પર્ધામાં પણ જીટીયુ સતત મોખરાનું સ્થાન પ્રાપ્ત કરેલ છે. તાજેતરમાં જ એશિયા પેસેફિક બ્રોડકાસ્ટ યુનિયન અને ફિઝી દેશના સંલગ્ન આયોજનથી રોબોકોન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૩ સ્ટેજમાં આયોજીત આ સ્પર્ધામાં દેશભરમાંથી કુલ ૧૮૬ ટીમોએ ભાગ લિધો હતો. જેના અંતિમ રાઉન્ડ માટે જીટીયુ સંલગ્ન ૩ અને દેશની કુલ ૨૨ ટીમોની પસંદગી કરવામાં આવી હતી. "રોબો રગ્બી ૭એસ" થીમ પર રોબોકોનનું આયોજન કરાયું હતું. જેમાં રોબોટીક્સ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને રગ્બી ગેમ્સ રમવા માટેનો ટાસ્ક આપવામાં આવેલ હતો. સમગ્ર દેશમાં રોબોકોનની શ્રેષ્ઠ ટીમની કેટેગરીમાં જીટીયુ સંલગ્ન ૩૨ કૉલેજના ૩૩ વિદ્યાર્થીઓની ટીમ દ્વિતિય સ્થાને પસંદગી પામેલ છે. જીટીયુના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠે આ સંદર્ભે જણાવ્યું હતું કે, ૨૧મી સદીમાં રોબોટીક્સ ટેક્નોલોજીનો ફાળો ટેક્નિકલ ક્ષેત્રમાં વિશેષ પ્રમાણમાં છે. જીટીયુ ભવિષ્યના ટેક્નોક્રેટ્સને રોબોટીક્સ ક્ષેત્રે સંપૂર્ણ રીતે ટ્રેઈન કરી રહી છે. જેના પરિણામ સ્વરૂપ આંતરરાષ્ટ્રીય કક્ષાની રોબોકોન સ્પર્ધા માટે જીટીયુ રોબોકોન ટીમની પસંદગી કરાઈ છે. જે સમગ્ર રાજ્ય માટે ગૌરવની વાત છે. જીટીયુના કુલપતિ શ્રી અને કુલસચિવ ડૉ. કે. એન . ખેર દ્વારા રોબોકોન ટીમ મેન્ટર્સ અને આસિસ્ટન્ટ પ્રો. રાજ હકાણીને આ બદલ અભિનંદન પાઠવ્યા છે.

આગામી ૧૨ ડિસેમ્બરના રોજ જાપાનના ટોકિયો ખાતે ફિઝી દ્વારા ઈન્ટરનેશનલ રોબોકોન સ્પર્ધાનું આયોજન કરાશે. જેમાં ભારતની શ્રેષ્ઠ ૨ ટીમમાં જીટીયુ અને એમઆઈટી , પૂણે દેશનું પ્રતિનિધિત્વ કરશે. જીટીયુ રોબોકોન ટીમના મેન્ટર્સ પ્રો. રાજ હકાણીએ આ સંદર્ભે જણાવ્યું હતું કે, જીટીયુની રોબોકોન ટીમમાં ૭ જુદી-જુદી વિદ્યાશાખાના કુલ ૩૩ વિદ્યાર્થીઓએ ભાગ લિધો હતો. જેમાં સોફ્ટવેર અને મીકેનિકલ હાર્ડવેર જેવા મહત્વના મુદ્દાઓ પર વિદ્યાર્થીઓ દ્વારા રિસર્ચ કરીને રોબર્ટ્સ બનાવવામાં આવ્યા હતાં. સોફ્ટવેર સંબધિત ઈલેક્ટ્રીકલ સર્કિટ્સ અને અંતર માપવા માટે એક્રોડર્સ સેન્સર્સ , લાઈન ફોલોવર્સ સેન્સર્સ વગેરેનો ઉપયોગ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત હાર્ડવેર બાબતે મિકેનિકલ ટીમ દ્વારા તેની ડિઝાઈન , ઉત્પાદન અને ૩ડી પ્રિન્ટીંગનો ઉપયોગ કરીને ઓટો રોબર્ટ્સ અને મેન્યુઅલ રોબર્ટ્સ બનાવવામાં આવ્યા હતાં . જેનાથી "રોબો રગ્બી ૭એસ" થીમ પ્રમાણે રગ્બી ગેમ્સનું સંચાલન કરી શકાય છે. આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય રોબોકોન સ્પર્ધામાં જીટીયુની ટીમ દેશનું પ્રતિનિધિત્વ કરશે.